કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ પરીક્ષામાંથી પાસ કરવામાંથી મુક્તિ આપવા અંગે.

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ,
પરિપત્ર ક્રમાંકઃ- બમશ/૧૧૧૫/૬૨૭/ગ
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ 2 JAN 2016

વંચાણે લીધા ::-

(૧) સામાન્ય વહીવટ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧/ક તારીખઃ ૨૦/૬/૨૦૧૫

(૨) કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી ના પત્ર ક્રમાંકઃ અનદ-૧/ધ/૨૦૧૫-૧૬/૧૧૯૭૯ તારીખઃ ૧૧/૮/૨૦૧૫.

**પરિપત્ર ::-**

કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને બઢતી મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવાની રહે છે. ઉચ્ચતર પગાર ધોરણ બઢતીના વિકલ્પે આપવામાં આવેલ હોઈ, ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે આ પરીક્ષા પાસ કરવાની રહે છે. આમ છતાં, બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા પાસ ન કરવાને કારણે સમયસર બઢતી કે ઉચ્ચતર પગાર ધોરણનો લાભ મળતો અટકે નહીં તે માટે સરકારશ્રી દ્વારા આ અંગે ઉદાર વલણ અપનાવવામાં આવી રહ્યું છે અને આ અંગે નીચે મુજબની સૂચના પ્રસિધ્ધ કરવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) મુજબ સરકારી કર્મચારી/અધિકારીઓને ૫૦ વર્ષની ઉંમર બાદ સી.સી.સી./સી.સી.સી.+ની પરિક્ષા પાસ કરવા માંથી જે રીતે મુક્તિ આપવામાં આવેલ છે તે મુજબ જે બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓએ ૫૦ વર્ષ પૂરા કરેલ હોય તેઓને અને હવે પછી જે બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને

ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ જે તારીખે ૫૦ વર્ષ પૂરા કરશે તે તારીખથી તેઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા (C.C.C./C.C.C.+) પાસ કરવામાંથી મુક્તિ આપવાની રહેશે અને આ રીતે મુક્તિ મેળવેલ કર્મચારીઓ/અધિકારીઓ ઉચ્ચતર પગાર ધોરણ/બઢતી મેળવવાને પાત્ર ગણાશે.

ઉકત સુચનાઓ બિનસરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના ધ્યાન પર લાવવા અને તેનું ચુસ્ત પાલન થાય તે જોવા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને પરિપત્રિત કરવા કમિશ્નરશ્રી, શાળાઓની કચેરીને જણાવવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગનાં તા.૨૨/૦૭/૨૦૧૩ના પરિપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ-૧/ક ની અન્ય સૂચનાઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ડી.બી.પંડ્યા)

ઉપ સચિવ

શિક્ષણ વિભાગ,

ગુજરાત સરકાર

પ્રતિ,

- માન.મંત્રીશ્રી(શિક્ષણ) સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન., રા.ક.મંત્રીશ્રી(પ્રા. મા. અને પ્રૌઢ )શિક્ષણ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- માન., રા.ક.મંત્રીશ્રી(ટેકનીકલ )શિક્ષણ, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી,(શિક્ષણ) શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડો.જીવરાજ મહેત ભવન, ગાંધીનગર
- કમિશ્નરશ્રી, કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી,ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર તરફ સર્વે જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓને પરિપત્રિત કરવાની સુચના સહ.
- સબંધિત માન્ય મંડળો (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સીલેકટ ફાઇલ
- નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઇલ.. ..